| | | | | | |
|---|---|---|---|---|---|
| સત્ય મેવ જયતે | દાખલ તારીખ | : | ૨૪–૦૭–૨૦૨૫ | | |
| | રજી. તારીખ | : | ૨૪–૦૭–૨૦૨૫ | | |
| | નિકાલ તારીખ | : | ૦૫/૦૫/૨૦૨૬ | | |
| | સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

***ખેરાલુના એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ. મું.ખેરાલુ.***

**ફોજદારી કેસ નં.૪૪૩/૨૦૨૫**
**આંક :–૧૫**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધ**

આરોપી : પ્રજાપતિઅશોકકુમાર અમૃતલાલ કરશનભાઈ
ઉ.વ.આ.પુખ્ત,
રહે.આદીતપુર તા. ખેરાલુ જિ.મહેસાણા।

---

સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી બી.ડી.ઝાલા
આરોપી તરફે વિ. વ.શ્રી એસ.જી.મેમણ

---

**ગુન્હો : ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ**

---

**–:: ઠ રા વ ::–**

**(૧)...** આરોપી ઉપર **ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૨૮૧,૧૨૫(એ),૧૨૫ (બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુનાનો આરોપ છે. ફરીયાદ પક્ષના

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે ગઈ તા.૨૧/૧૧/૨૪ ના રોજ સાંજના આશરે ૭–૦૦ વાગે ખેરાલુ સિધ્ધપુર હાઈવે રોડ પર આદીત પુર પાસે આરોપી એ પોતાનો ટૂકટર નં.જી.જે.૦૨ ડી એમ ૨૪૬૯ નુ લઈ રોન્ગ સાઈડ પર પુર ઝડપે ગફલત ભરી ને હંકારી સી.એન. જી. રીક્ષા નંબર. જીજે.૦૮.એ.ટી.૯૦૪૦ ને ટકકર મારી તેમા બેસેલ આ કામના ફરીયાદી ને પગના ભાગે ગંભીર ઈજાઓ કરી **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧ ,૧૨૫(એ),૧૨૫(બી)તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) આરોપી વિરુધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ/ વોરંટ કરતા આરોપી હાજર થતાં **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૩૦** મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી તે અંગેની ખાતરી કરી, આરોપીનો **આંક–૦૩** થી તહોમતનામુ ફરમાવી **આંક– ૪** થી જવાબ લેતા આરોપીએ તેમની સામેના ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે આરોપી વિરૃધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

| **મૌખિક પુરાવો...** | **આંક...** |
|---|---|
| (૧) ફરીયાદી ઠાકોર જેણાજી રૂપસંગજી ની જુબાની | ૦૫ |
| (૨) સાહેદ ઠાકોર ચેનાજી નાથુજી ની જુબાની | ૦૬ |
| (૩) સાહેદ સોલંકી પ્રભુભાઈ સોમાભાઈ ની જુબાની | ૦૯ |
| (૪) સાહેદ પટેલ દિવ્યેશકુમાર ઈશ્વરભાઈની જુબાની | ૧૪ |

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

| **<u>દસ્તાવેજી પુરાવો...</u>** | | **આંક...** |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૧૦ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૧ |
| (૩) | સારવાર સર્ટીફીકેટ | ૧૨ થી ૧૩ |

(૪) ત્યારબાદ, ફરીયાદપક્ષ એપીપીશ્રીની મૌખિક વિનંતીથી પોતાનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ત્યારબાદ,ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફો.કા.અ.ની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ છે જેમા આરોપીએ ફરીયદ પક્ષના પુરાવામાના તેઓવિરુધ્ધ ના તમામ સંજોગોનો ઈન્કાર કરેલ છે અને પોતે પુરાવો આપવા કે બચાવમા સાક્ષી તપાસવા કે જુબાની આપવા ન માંગતા હોવાનુ જણાવેલ છે જેથી તે બાદ પક્ષકારો ની દલીલો સાંભળવામા આવેલ છે.

(૫) પક્ષકારોની દલીલો સાંભળવામા આવેલ છે. વિ.એ.પી.પી.શ્રી તેઓની દલીલમા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ વ્યાજબી શંકા થી પર સાબીત કરી શકેલ હોય આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ. જયારે આ કામના આરોપી પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામે અકસ્માતવાળા બનાવમાં આ કામના આરોપી વાહન ચલાવતા હોય કે તેઓની કોઈ બેદરકારી હોય તેવું કોઈજ પુરાવાના આધારે સાબીત થયેલ ન હોય આરોપી ને નીંદોષ ઠરાવી છોડી મુકવો જોઈએ.

(૬) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે ગઈ તા.૨૧ /૧૧/૨૪ ના રોજ સાંજના આશરે ૭–૦૦ વાગે ખેરાલુ સિધ્ધપુર હાઇવે રોડ પર આદીત પુર પાસે આરોપી એ પોતાનો ટૂકટર નં.જી.જે.૦૨ ડી એમ ૨૪૬૯ નુ લઈ રોન્ગ સાઇડ પર પુર ઝડપે ગફલત ભરી ને હંકારી સી.એન. જી. રીક્ષા નંબર. જીજે.૦૮.એ.ટી.૯૦૪૦ ને ટકકર મારી તેમા બેસેલ આ કામના ફરીયાદી ને પગના ભાગે ગંભીર ઈજાઓ કરી **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી)તથા એમ.વી. એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારાત્મક, (૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**–:: <u>કા ર ણો ::</u>–**

**મુદ્દા નંબર–૧ ...**

(૮.૧).. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, સૌપ્રથમ ફરીયાદ પક્ષે આંક –૫ થી સાહેદ ઠાકોર જેણાજી ને સાહેદ તરીકે તપાસેલ છે તેઓએ પોતાનની જુબાનીમાં આ કામના આરોપી તેઓ ના કુટુબી ભાઈ તથા હોવાનુ અને તેઓનુ ટ્રેકટર આ સાહેદ ના નામે હોવાનુ અને તે ટ્રેકટર નો નંબર યાદ ન હોવાનુ જણાવે છે અને આરોપી પક્ષે કરવામા આવેલ ઉલટ તપાસ મા પોતે બનાવ સમયે હાજર ન હોવાનુ અને બનાવ વિશે કશુ જાણતા ન હોવાનુ પોતાની જુબાની મા જણાવે છે.

(૮.૨) ફરીયાદ પક્ષે આંક–૬ થી સાહે દ ચેનાજી ઠાકોર ને સાહેદ તરીકે તપાસેલ છે અને તેઓ પોતાની જુબાની મા પોતે રીક્ષા નં.૯૦૪૦ ની ચલાવતા હતા અને પોતાની રીક્ષા લઈ ને જતા હતા

અને તે સમયે મુળ ફરીયાદી પ્રભુભાઈ તેમની રીક્ષા મા બેઠેલ હતા અને એક ટ્રેકટર તે સમયે રોન્ગ સાઈડ આવી ને તેમની સામે ટકરાઈ ગયેલ જેથી રીક્ષા પલટી થઈ ગયેલ અને પભ્રુ ભાઈ નો પગ રીક્ષા ની અને ટ્રેકટર ની વચ્ચે ફસાઈ જતા પ્રભુ ભાઈ ને પગ ની ઈજા થયેલી અને તે સમયે આ સાહેદ ને પણ ડાબા હાથના ભાગે ઈજાઓ થયેલી. ટ્રેકટર ની ગતિ ધીમી હતી તથા તેનો ંનબર કયો હતો તથા તે કોણ ચલાવતુ હતુ તે ખબર ન હોવાનુ આ સાહેદ પોતાની જુબાની મા જણાવે છે.

(૮.૩). ફરીયાદ પક્ષે આંક- ૦૯ થી મુળ ફરીયાદી સોલંકી પ્રભુભાઈ ને સાહેદ તરીકે તપાસેલ છે અને તેઓ પોતાની જુબાની મા જણાવે છે કે બનાવ મા તેઓ તમાકુ લઈ રીક્ષામા જતા હતા ત્યારે સામેથી એક ટ્રેકટર આવેલ અને તે તેમની રીક્ષા ને ભટકાઈ ગઈ અને રીક્ષા પલટી ખાઈ ગયેલ જેથી આ સાહેદ ને શરીર ના ભાગે ઈજા થયેલી. ટ્રેકટર નો નંબર શો હતો અને કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર ન હોવાનુ જણાવે છે. તથા આરોપી પક્ષે કરવામા આવેલ ઉલટ તપાસ મા કબુલ રાખેલ છે કે,બનાવ વાળો રોડ હાઈવે રોડ તથા ત્યાં ઘણા વાહનોની અવર જવર રહે છે.તથા પોતે જે રીક્ષામા બેઠેલ તેના ડ્રાઈવર કોણ હતા અને નંબર કયો હતો તેની ખબર ન હોવાની જણાવે છે.

(૮.૪) ફરીયાદી પક્ષે આંક-૧૪ થી તપાસેલ સાહેદ દિવ્યેશ કુમાર પટેલ તપાસ કરનાર અમલદાર છે અને તેઓ પોતાની જુબાની માં પોતે કરેલ તપાસ કામગીરીનો ચીતાર પોતાની જુબાની માં રજુ કરેલ છે પરંતુ બનાવ સમયે અકસ્માત કરનાર વાહન ના ચાલક આ કામના આરોપી હોઈ તેવુ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષને મદદ રૂપ થાય તેવુ કોઈ મટીરીયલ આ સાહેદ ની જુબાનીમાંથી મળી આવતુ નથી.

(૮.૫). આમ ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા ફરીયાદ પક્ષે રજુ કરેલ તમામ પુરાવોઅક્ષર સહ માની લેવામા આવે તો પણ તેનાથી વાદગ્રસ્ત બનાવ સમયે અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી ચલાવતા હોઈ તેવો કોઈ પુરાવો મળી આવતો નથી.ફરીયાદ પક્ષે આંક-૧૧ થી ગુના

વાળછ જગ્યાનુ પંચનામુ રજુ કરેલ છે તેનાથી બનાવ વાળી જગ્યાની સ્થળ સ્થિતી સિવાય અન્ય કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી.ફરીયાદી પક્ષે આંક–૧૨ થી ઈજા પ્રમાણપત્રો રજુ રાખેલ છે તેનાથી મુળ ફરીયાદી પ્રભુભાઈને ઈજા થયેલ હોઈ તેમ જણાઈ આવે છે. પરંતુ આ ઈજા આ કામના આરોપીએ વાહન અકસ્માતથી કરેલ હોઈ તેવો લેસ માત્ર પુરવો પણ ફરીયાદ પક્ષે રજુ કરેલ ન હોઈ આ કામે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે પણ State Of Karnataka vs Satish on 13 March, 1996(1998) 8 SCC 493 ના કેસમાં નીચે પ્ર માણે ઠરાવેલ છે. '',. Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself. None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". "High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case. In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur". There is evidence to show that immediately before the truck turned turtle, there was a big jerk. It is not explained as to whether the jerk was because of the uneven road or mechanical failure. The Motor Vehicle Inspector who inspected the vehicle had submitted his report. That report is not forthcoming from the record and the Inspector was not examined for reasons best - 11 - CC NO.382/2013. known to the prosecution. This is a serious infirmity and lacuna in the prosecution case.'' આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા પણ વાદગ્રસ્ત બનાવમાં અકસ્માત કરનાર વાહન બેદરકારીપૂર્વક અને ગફલતભરીરીતે ચલાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે સાબીત કરવી

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu

જોઈએ તેમ સ્પષ્ટ છે જે હકીકત સાબીત કરવા માટે પણ ફરીયાદપક્ષે આ કામે પુરતો પુરાવો રજુ કરેલ ન નથી.

(૯.૫) આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા પણ વાદગ્રસ્ત બનાવમાં અકસ્માત કરનાર વાહન આ કામના આરોપી ચલાવતા હોય અને તે બેદરકારીપૂર્વક અને ગફલતભરીરીતે ચલાવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે સાબીત કરવી જોઈએ જે હકીકત સાબીત કરવા માટે ફરીયાદપક્ષે આ કામે યોગ્ય પુરાવો રજુ કરેલ ન હોય ત્યારે ન્યાયના હીતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવું છું અને મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**<u>-:: હુ ક મ ::-</u>**

આ કામના આરોપી પ્રજાપતિઅશોકકુમાર અમૃતલાલ કરશનભાઈ ઉ.વ.આ.પુખ્ત, રહે.આદીતપુર તા. ખેરાલુ જિ.મહેસાણાનાઓને **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ,૨૦૨૩ ની કલમ-૨૭૮(૧)** અન્વયે **ભારતીય ન્યાય સંહીતાની કલમ- ૨૮૧,૧૨૫(એ),૧૨૫(બી) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭,૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અપીલ અદાલતમા હાજર થવાના રુપીયા પાચ હજાર પુરાના જામીન તથા જાત મુચરકા **ધી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૪૮૧** અનવયે આપવા.

ઉપરોકત હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૦૫/૦૫/૨૦૨૬ (રાકેશકુમાર વસંતલાલ સોની)
સ્થળ: ખેરાલુ એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ખેરાલુ
**Judge Code No-GJ01193**

(R.V.Soni)
Addl.Chief Judi.Megi.
Kheralu